# પ્રશિક્ષણાર્થીઓમાં વાચન ઝડપ અને ચિંતનાત્મક લેખન કૌશલ્ય વિકાસ માટેનો એક પ્રયાસ

**ડૉ. મીનાક્ષીબેન સી.વાણિયા**
આસિસ્ટન્ટ પ્રોફેસર, ર.પુ.અનડા શિક્ષણ મહાવિદ્યાલય,બોરસદ
Mo. 9427871740 Email:- rmy4617@gmail.com

વાંચન એક કૌશલ્ય છે; અને અન્ય કૌશલ્યની જેમ તાલીમ અને મહાવરા દ્વારા વાંચન ઝડપ હસ્તગત કરી શકાય છે. વાચક વાંચન દરમિયાન વાંચેલી વિષયવસ્તુનું અર્થગ્રહણ કરી, સ્વદલીલો દ્વારા ગર્ભિત ભાવનું મૂલ્યાંકન કરે છે. લેખકે જે સ્પષ્ટ કહ્યું છે તે, જે કહેવા માંગે છે, અને તેનાથી પણ પર લેખકે જે ન ઉલ્લેખ્યું હોય તે પણ સમજી જાય છે. વાંચન અને અધ્યયનનું પરિણામ ચિંતનાત્મક વિચારમાં પરિણમવું જરૂરી છે. વાચ્ય સામગ્રીનું ચિંતન થાય તો તે, વાણી અને વ્યવહારમાં નજરે પડે છે.

વાચનનો હેતુ વાચનસામગ્રીમાંથી સામાન્યીકરણ કરી, મુખ્ય મુદ્દા તારવી, મૂળ વિચાર, ભાવ કે માહિતી પ્રાપ્ત કરવાનો હોય છે. આ આખી પ્રક્રિયામાં વ્યક્તિ વાચનસામગ્રીનું અર્થગ્રહણ અને વિવેચના કરે છે, વિચારોની ક્રમિક અને તાર્કિક ગોઠવણી કરે છે, મુખ્ય મુદ્દા તારવે છે, આમ વાચન દ્વારા ચિંતનપ્રક્રિયાનો વિકાસ થાય છે.

જે વિદ્યાર્થીઓ વાંચન મુશ્કેલી અનુભવે છે તેઓ વાંચનના અભાવે અન્ય વિષયોમાં પણ નબળો દેખાવ કરે છે. ખરેખર તો વિદ્યાર્થીઓમાં વાંચન રસ જાગૃત થાય, વાંચેલી વિષયવસ્તુનુ સચોટ અર્થગ્રહણ કરે તથા ઝડપથી વાંચવાનું કૌશલ્ય હસ્તગત કરે તે માટે પ્રયત્નો થવા જોઈએ.

**વાંચનનો અર્થ:**

સામાન્ય રીતે વાંચન એટલે વાક્ય યા શબ્દમાં આવતા અક્ષરોના અવાજને એક પછી એક ક્રમશઃ ઉકેલીને બોલવા. અર્થાત્ લખેલું મોટેથી બોલવું. પરંતુ વાંચનની આ વ્યાખ્યા વૈજ્ઞાનિક નથી. અર્થગ્રહણ વગર માત્ર ઉચ્ચારણ પ્રક્રિયા અર્થહીન બને છે.

જોહ્ન જે ડેબોર (John. J. Deboer)ના મતે “વાંચન એ અર્થ સંશોધવાની અને પ્રાપ્ત કરવાની સક્રિય પ્રક્રિયા છે.” આમ, પ્રક્રિયાની રીતે જોઈએ તો વાચન એ વાચ્ય સામગ્રીના અક્ષરો, શબ્દો, ચિત્રો, પ્રતિકો કે સંજ્ઞાની આંખ દ્વારા ઝીલાયેલી છબી મગજમાં અંકિત થવાની અને તેનો ધ્વનિ (ઉચ્ચાર) સ્પષ્ટ કરવાની અને તેનો અર્થ તારવવાની પ્રક્રિયા છે. ફ્રેડરિક બી.ડેવિડ મુજબ વાંચનમાં તર્કની પ્રક્રિયા રહેલી છે. આ પ્રક્રિયા બે પ્રકારની હોય છે.

1. લખાણમાંના વિચારોને એકત્રિત કરી, તેમની વચ્ચેના સંબંધો જોડવાની ક્રિયા.
2. લખાણમાંથી સાચું અનુમાન તારવવાની શક્તિ, જે માત્ર શબ્દાર્થ કરતાં કંઈક વિશેષ છે.

વાંચન એ એક સંકુલ પ્રક્રિયા છે. જેમાં શબ્દો અને સંજ્ઞાઓને જોવાની તાંત્રિક તેમજ અર્થઘટન કરવાની અને અનુમાન કરવાની બૌદ્ધિક પ્રક્રિયા છે. જેમાં દ્રષ્ટિથી લઇ મગજ સુધી સમગ્ર ચેતાતંત્ર સામેલ થાય છે. વાંચન પ્રક્રિયામાં વાચકનું ચિત્ત પણ જોડાય છે. વાચક શબ્દાર્થની સાથે ગુઢાર્થ પણ ગ્રહણ કરે છે અને તે સ્મૃતિમાં સચવાય છે. જીવનકાળ દરમિયાન સ્મૃતિમાં સંગ્રહાયેલ જ્ઞાન સમસ્યાત્મક પરિસ્થિતિમાં પ્રયોજે છે. અર્થાત વાચન દ્વારા વ્યક્તિમાં વિચારણાનો વિકાસ થાય છે.

મનુસ્મૃતિમાં એક શ્લોક છે.

**अज्ञेभ्या ग्रन्थिन: श्रेष्ठा:**

**ग्रान्थेभ्यो धारिणो बरा:।**

**धारिभ्यो ज्ञानिन: श्रेष्ठा:**

**ज्ञानिभ्यो व्यवसायिन:॥** **मनुस्मृति** (अ 12 **श्लोक** 103)

અજ્ઞ (થોડું વાંચેલ મનુષ્ય)ના કરતા આખો ગ્રંથ વાંચેલા માણસો સારા, આખો ગ્રંથ વાંચનારના કરતાં આખો ગ્રંથ ધારણ કરનાર (યાદ રાખનારા) સારા, ગ્રંથ ધારણ કરનારના કરતાં ગ્રંથ સમજનારા સારા અને તેના કરતાં પણ એ ગ્રંથને જીવન વ્યવસાયમાં ઉપયોગ કરનાર સારા.

અર્થાત, વાંચનને જીવનમાં ઉતારવું જ શ્રેષ્ઠ ગણાય. વાંચનને જીવનમાં એ જ ઉતારી શકે જે સમજ્યા હોય, વિચાર પર ચિંતન-મનન કર્યું હોય. દૂધમાંથી ઘી બનાવવાની પ્રક્રિયામાં દહીંને ખૂબ વલોવવું પડે છે. તો જ માખણ નીકળે અને માખણને તાવીએ તો જ ઘી બને. વાંચનનું શાબ્દિક અર્થગ્રહણ થાય એ જ પૂરતું નથી. પણ વાચક ગ્રહણ કરેલ અર્થનું સ્વકીય મૂલ્યાંકન કરે, વિવિધ બાજુથી તપાસે, ચકાસે અને વાંચન દ્વારા મેળવેલ વિચાર, બોધ-ઉપદેશ કે સમજનું સમર્થન યા અનુમાન કરે અને તે દ્વારા ચિંતન પ્રક્રિયા વિકસે તે જરૂરી છે. ઉચ્ચકક્ષાની બૌદ્ધિક વિચારણા દ્વારા સ્વનો વિકાસ થાય છે.

**ચિંતનનો અર્થ:**

ચિંતન એક અદ્રશ્ય માનસિક પ્રક્રિયા છે. જેને જોઇ શકાતી નથી; પણ વ્યક્તિના વાણી અને વર્તનમાં એના ચિંતનની છબી પ્રતિબિંબિત થાય છે. ચિંતન માટે પ્રયોજાતો અંગ્રેજી શબ્દ reflectionનો પર્યાય પ્રતિબિંબ, પ્રતિભાવ અને પરાવર્તન થાય છે. પ્રતિબિંબ કે પરાવર્તન માટે પ્રકાશની હાજરી જરૂરી છે. પ્રતિબિંબ એટલે જ્યાં પ્રતિકૃતિ દેખાય છે; જ્યારે પરાવર્તનમાં કિરણો પાછાં ફેંકાય છે. ચિંતનની પ્રક્રિયામાં પણ જે ગ્રહણ કર્યું છે, વિચાર નવનીત મેળવ્યું છે, તે જ્ઞાન દ્રશ્ય નથી. પરંતુ માનવ આચારમાં દ્રષ્ટિગોચર થાય છે.

આધ્યાત્મિક દષ્ટિએ ચિંતન એટલે સ્વ વિશે વિચારવું. આંતર દર્શન, જીવનદર્શન અથવા સાક્ષાત્કારની સ્થિતિ પામવા આત્મનિરીક્ષણ કરી, જીવન સાફલ્ય માટે હેતુપૂર્વક ઉન્નત જીવન મૂલ્યો વિકસાવવા. ભગવદ્ગોમંડલ મુજબ ચિંતન એટલે એકચિત્તે ભક્તિ કરવી તે. અન્ય અર્થોમાં ચિંતન એટલે ધ્યાન, વિચાર, મનન, ધારણ કરવું. બુદ્ધિના આઠ માંહેનો

એક પ્રકાર, વિવેચન, વિવેચના, સ્મરણ, યાદ કે ધારણા. ચિંતનાત્મક પ્રક્રિયા એટલે ‘અર્થ સંશોધવાની ક્રિયામાં એકચિત્ત થવું’ એમ કહી શકાય.

**અર્થગ્રહણ:**

ડેવિડ રસેલ (David Rusel) કહે છે કે શબ્દની સ્પષ્ટ ઓળખ અને તેના અર્થનું જ્ઞાન, વાચન અર્થગ્રહણ સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે.

ભગવદગોમંડળમાં અર્થગ્રહણ શબ્દ માટે ‘અર્થ ગ્રહ’ શબ્દ પ્રયોજ્યો છે; જેનો અર્થ આપ્યો છે; મતલબની સમજણ. સાર્થ જોડણીકોશ મુજબ અર્થગ્રહણનો અર્થ છે, ‘અર્થ સમજવો તે’ અર્થાત ‘વાચનસામગ્રીનો વાચક જે અર્થ સમજે છે તે’; વાચ્યસામગ્રીનો વાચકે પોતાની બુદ્ધિ ક્ષમતા મુજબ જે શાબ્દિક, પ્રતિકાત્મક કે સંદર્ભક જે અર્થ ગ્રહણ કર્યો છે તે.

**વાચન ઝડપનો અર્થ:**

વાચન ઝડપ એટલે વાચકે એક મિનિટમાં વાંચેલા શબ્દોની સંખ્યા અથવા તો આપેલ વાચનસામગ્રી વાંચવા માટે લીધેલો સમય.

ઝડપ અને અર્થગ્રહણની દ્રષ્ટિએ વાચકને ચાર ભાગમાં વહેંચી શકાય.

1. ઓછી ઝડપે વાચન કરીને ઓછું અર્થગ્રહણ કરનાર વિદ્યાર્થી
2. ઓછી ઝડપે વાચન કરીને વધુ અર્થગ્રહણ કરનાર વિદ્યાર્થી
3. વધુ ઝડપે વાચન કરીને ઓછું અર્થગ્રહણ કરનાર વિદ્યાર્થી
4. વધુ ઝડપે વાચન કરીને વધુ અર્થગ્રહણ કરનાર વિદ્યાર્થી

વાચન ઝડપ માપવા માટે સામાન્ય રીતે બે પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે.

1. સમય મર્યાદા પદ્ધતિ
2. વાચનસામગ્રી મર્યાદા પદ્ધતિ

**વાંચન ઝડપ અને ચિંતન વિકાસ માટે અજમાવેલી પ્રયુક્તિઓ:**

વાંચન સર્જનાત્મક તરફ લઈ જતું એક સાધન છે. શિક્ષકો, વાલીઓ અને શિક્ષણાર્થીઓ વાચન પ્રક્રિયાના વિવિધ પાસા જાણે અને વાચન ઝડપ અને ચિંતન પ્રક્રિયા વિકસાવે તે આધુનિક યુગની માંગ છે. શિક્ષકે વિદ્યાર્થીઓને માત્ર પાઠ વાંચી લાવવા જેવું ચીલાચાલુ કાર્ય ન સોંપતા, વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા વિકસે તે માટેના પ્રયત્ન કરવા જોઈએ. આ માટે શૈક્ષણિક વર્ષ 2016 થી બી.એડ્.ના અમલમાં આવેલા નવા અભ્યાસક્રમ અંતર્ગત વાંચન શિક્ષણ અન્વયે પ્રશિક્ષણાર્થીઓના વાંચન દોષ સુધારવા, વાંચન ઝડપ વધારવા અને ચિંતનાત્મક વિચારણાનો વિકાસ થાય તે હેતુસર બે પ્રકારની પ્રવૃત્તિઓ કરાવી.

1. વિદ્યાર્થીઓના વાંચન દોષ નિવારણ અને વાંચન ઝડપ વધારવા માટે વર્ગ શિક્ષણની શરૂઆતમાં તેમજ પ્રાર્થનાસભા પહેલાં નીચેની પ્રવૃત્તિઓ અજમાવી હતી.

i. પ્રશિક્ષણાર્થીઓને છ જૂથમાં વહેંચી, પ્રત્યેક જૂથને ફકરાનું વાંચન કરાવ્યું. આદર્શ વાંચન કરી શકે તેવા હોશિયાર પ્રશિક્ષણાર્થીઓને પ્રત્યેક જૂથમાં પ્રતિનિધિરૂપે નીમ્યા હતા. પ્રત્યેક પ્રતિનિધિએ પ્રશિક્ષણાર્થીઓ કેવા પ્રકારની ભૂલો કરે છે. તેનું તારણ રજૂ કર્યું હતું. ક્ષોભ અનુભવતા, જોડણી મુજબ ઉચ્ચાર ના કરતા, શબ્દો ઉમેરીને અથવા

કોઈક શબ્દ છોડી દઈને વાંચન કરતા, કે અતિ ઝડપથી ઉશ્કેરાટમાં વાંચન કરતા પ્રશિક્ષણાર્થીઓને પુનરાવર્તિત વાંચન કરાવી આદર્શ વાંચન પ્રતિ પ્રેરિત કર્યા.

ii. એક મિનિટ વાંચન કરાવ્યા બાદ જેટલા શબ્દો વાંચ્યા તેની નોંધ કરાવી. ત્યાર બાદ પુનઃ એજ વિષયવસ્તુ વંચાવી અને વાંચેલા શબ્દો ગણાવ્યા. પુનઃ વાચનમાં વધેલી ઝડપથી માહિતગાર કર્યા.

iii. એક ફકરો વાંચવા માટે લીધેલા સમયની નોંધ કરાવી. અને પુન: એજ ફકરાનું વાંચન કરાવી, બન્ને વાંચન માટે લીધેલા સમયની તુલના કરાવી.

2. વાંચન દોષ–નિવારણ અને વાંચન ઝડપ વધારવા માટે અપનાવેલ પ્રયુક્તિઓ ઉપરાંત ચિંતન પ્રક્રિયાનો વિકાસ થાય અને લેખન કૌશલ્ય વિકસે તે હેતુસર નીચેની પ્રવૃત્તિઓ કરાવી.

i. પ્રશિક્ષણાર્થીઓને અભ્યાસક્રમના ભાગરૂપે પુસ્તક સમીક્ષા અંતર્ગત પુસ્તક સમીક્ષા કેવી રીતે કરાય તે વિષયક માહિતી આપી, પ્રત્યેક પાસે એક પુસ્તક સમીક્ષા કરાવી.

ii. પ્રશિક્ષણાર્થીઓને નવ ગ્રુપમાં વહેંચી પ્રત્યે ગ્રુપને એક પુસ્તકમાંના વિચારો લખાવ્યા. ગ્રુપ ચર્ચા બાદ પ્રતિનિધિ દ્વારા પ્રાર્થના સભામાં સમીક્ષા સ્વરૂપે રજૂ કરાયા.

iii. પ્રત્યેક પ્રશિક્ષણાર્થીઓ પાસે એક એક ફકરાનું સારાંશ લેખન કરાવ્યું.

iv. ફકરાના મધ્યવર્તી વિચારસમ બે ત્રણ લીટી તારવી, તે વિષય પર પ્રશિક્ષણાર્થીઓના મંતવ્ય લખાવ્યા.

v. કાવ્ય પંક્તિને વિચારવિસ્તાર સ્વરૂપે લખવા પ્રોત્સાહન આપ્યું.

vi. ચાવીરૂપ શબ્દો દ્વારા પંક્તિની રચના કરાવી.

vii. સંપૂર્ણ પંક્તિઓને પૂર્ણ કરી કાવ્ય સ્વરૂપે લખવા પ્રોત્સાહિત કર્યા.

viii. ચિત્ર દર્શાવી ચિત્ર પરથી વાર્તા કહેવા ઉત્તેજન અપાયું.

ix. ચિંતનાત્મક લખાણનો આધાર ઉચ્ચકોટિના વાંચન પર રહેલો છે. પ્રશિક્ષણાર્થીઓને એક અઠવાડિયું વાંચન અને તેની પર ચર્ચાના આધારે ચિંતનાત્મક નોંધ કરવાનું સૂચન કર્યું. તથા એક માસની ચિંતનાત્મક રોજનીશી લખવા પ્રેર્યા.

x. ક્રિયાત્મક સંશોધન અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓની વાંચન ક્ષમતા જાણી સુધારાત્મક કાર્ય કરવા માટે પ્રશિક્ષણાર્થીઓએ સતત શિક્ષણના કાર્યક્રમ દરમિયાન શાળાના ધોરણ નવના વિદ્યાર્થીઓની વાંચન પ્રગતિનો અભ્યાસ કર્યો.

**પરિણામ (નીપજ):**

i. પ્રશિક્ષણાર્થીઓ પુસ્તક સમીક્ષા કરી શક્યા.

ii. પ્રશિક્ષણાર્થીઓ “મનમાં દીપ જલાવો, પ્રભુજી મારા મનમાં દીપ જલાવો. ઘોર અંધારું પંથ નવ દેખું. સત નગરીને કેમએ લખું ? હાથ ગ્રહી લો હે મુજ સ્વામી પ્રેમનો પ્રથ બતાવો, પ્રભુજી મારા મનમાં દીપ જલાવો.” કાવ્ય પંક્તિનો ભાવાર્થ રજુ કરી શક્યા. જેમાં પ્રશિક્ષણાર્થીઓ અંધકાર એટલે અરાજકતા, બદીઓ અને દીપક એટલે વિદ્યા. ભક્તિ, સારા વિચારો દ્વારા પ્રેમના, શાંતિના, સત્યના, માર્ગે લઈ જવાની વાતનું વર્ણન કરી શક્યા.

iii. પ્રશિક્ષણાર્થીઓ ચાવીરૂપ શબ્દો પરથી કાવ્યો રચી શક્યા. (જે પૈકી ઉત્તમ લાગેલી ૩ રચના પરિશિષ્ટમાં દર્શાવી છે.)

iv. કોઈ ચોક્કસ વિષય પર પોતાના મંતવ્યો સ્પષ્ટ કરતા શીખી શક્યા.

v. ચિંતનાત્મક ડાયરી લખવાની ટેવના કારણે રોજિંદા બનાવ કે ઘટનાઓ પ્રત્યે ચિંતનાત્મક વિચાર કરતા અને સંવેદનશીલ થતા જણાયા. ચિંતનાત્મક રોજનીશી લખવાનો અનુભવ તેઓને બી.એડ સેમેસ્ટર ત્રણમાં સુપરત કાર્યના એક ભાગરૂપે ચિંતનાત્મક નોંધ લખવામાં તેમજ સારા શિક્ષક બનવા પ્રત્યે વલણ કેળવવામાં મદદરૂપ બન્યો.

vi. એક જ ચિત્ર પરથી જુદા જુદા પ્રશિક્ષણાર્થીઓ જુદી જુદી વાર્તા રચી શક્યા, જે અન્ય પ્રશિક્ષણાર્થીઓએ સાંભળી. તેમજ તે સંલગ્ન ચર્ચામાં જોડાયા. વિકેંદ્રિત ચિંતનની સંકલ્પના સમજ્યા. પરિણામે તેઓ કેન્દ્રિત અને વિકેંદ્રિત ચિંતન દ્વારા સમસ્યા ઉકેલની રીત અને વ્યક્તિત્વ વિકાસમાં ચિંતનનું મહત્વ સમજી શક્યા.

vii. આ પ્રશિક્ષણાર્થીઓ જ્યારે ત્રીજા સેમેસ્ટરમાં ઈન્ટર્નશિપ અંતર્ગત શાળાઓમાં ગયા, ત્યારે શાળાના વિદ્યાર્થીઓની વાંચનમાં થતી ભૂલો સુધારવા તેમજ વાંચન ઝડપ વધારવા માટે પોતે લાભાન્વિત થયા હતા તે પ્રવૃતિઓ અજમાવી. જેમાં શાળાના વિદ્યાર્થીઓનો સક્રિય સહયોગ મળ્યો.

viii. સંસ્થામાં પ્રશિક્ષણાર્થીઓને તેમજ શાળાના વિદ્યાર્થીઓને આ પ્રવૃત્તિઓ રસપ્રદ લાગી.

**ઉપસંહાર:**

વાંચન વ્યક્તિને સફળતા અને આત્મા સાર્થકતા તરફ લઈ જતું અમોઘ શાસ્ત્ર છે. વાચનનો હેતુ સાક્ષરતા થી સર્જનાત્મકતા સુધીની સફર વિકસાવવાનો છે. શિક્ષક વાચનના હેતુઓ અને પ્રક્રિયાથી વાકેફ હશે, તો તે સરળતાથી વિદ્યાર્થીઓમાં વાચન કૌશલ્યનો અને સર્જનાત્મકતાનો વિકાસ કરી તેમને સકારાત્મક ચિંતન તરફ દોરી જશે. ગુજરાતમાં પ્રાથમિક અને માધ્યમિક કક્ષાના વિદ્યાર્થીઓની વાચન ક્ષમતા અંગે ઉઠતા પ્રશ્નોના સમાધાન માટે બાળકને મૌખિક વાંચન દ્વારા વાચન પ્રત્યે અભિમુખ કરી, ક્રમશઃ વધુ વાંચતા અને વિચારતા કરીને સમાજને સંવેદનશીલ અને સર્જનશીલ માનવની ભેટ આપી શકાય.

**સંદર્ભ:**

પટેલ બી.વી. અને ઉપાધ્યાય આઈ.જે.(૧૯૯૪) *વાંચન વિજ્ઞાન* :યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ –૬

પટેલ બી.વી. અને દવે જયેન્દ્ર (૧૯૮૫–૮૬) *વાંચન શિક્ષણ* :બી. એસ. શાહ પ્રકાશન (૧૯૮૩) પાનકોરનાકા લાલભાઈ શેઠના વંડા સામે, અમદાવાદ – ૩૮૮૦૦૧

Henry George H.(1974) *Teaching Reading as Concept Development: Emphasis on Affective Thinking* :International Reading Association, New York, Delawara. 19711

Athreya N.H.(1966,68,72) Read Faster Read Better :The Jupiter Press pvt. ltd.109 Madras